બાયડ તાલુકાના ફતાજીના મુવાડા ગામે

સુજલામ સુફલામ કેનાલમાં પગ લપસતાં ઢોર ચરાવતા બે યુવાનોનાં ડુબી જવાથી કરૂણ મોત

(પ્રતિનિધિ) બાયડ,

બાયડ તાલુકાના ફતાજીના મુવાડા ગામે ઢોર ચરાવવા માટે ગયેલા બે યુવાનોના પગ લપસતાં સુજલામ સુફલામ કેનાલમાં પડી જતાં પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજ્યાના અહેવાલ પ્રાપ્ત થયા છે. બાયડ તાલુકાના ફતાજીના મુવાડા ગામે એક ઘટનામાં સુજલામ સુફલામ કેનાલમાં ઢોર ચરાવતા કેનાલમાં લપસી પડેલા બે યુવકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

વધુ પ્રાપ્ત માહિતી મુજબ ગઈ કાલે બપોરના સમયે ફતાજીના મુવાડા ગામના ૧૮ વર્ષિય ઝાલા રોહિત વિજયભાઈ અને ૧૫ વર્ષિય ઝાલા જગદીશ અરવિંદભાઈ ઢોર ચરાવવા સુજલામ સુફલામ કેનાલના કિનારે હતા.

જ્યાં બંને યુવકોના પગ લપસી જતાં કેનાલમાં જઈ ખાબકતા કેનાલમાં પાણી વધતાં બંને યુવકો કેનાલમાં તણાઈ ગયા હતા. ગામના તેમજ સ્થાનિક લોકો દ્વારા ઘટનાની જાણ બાયડ પોલીસ તેમજ બાલાસિનોર પોલીસને કરવામાં આવતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને યુવકોના લાશની શોધખોળની કામગીરી હાથધરી હતી. બંને યુવકોની લાશો આજે સવારે મળતાં લાશોને પીએમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી અચાનક એકજ ગામના બે યુવકોના કેનાલમાં ડૂબી જવાથી મોત થતાં પરિવારના આક્રંદથી વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી અને આખુગામ હિબકે ચઢ્યું હતું.★

કેરળમાં ૩૧મી મે એ નૈઋત્યનું ચોમાસું બેસી જશે:આઈએમડી

(એજન્સી) પૂણે,

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નૈઋત્યનું ચોમાસુ ૩૧મી મે ના રોજ કરળ પહોંચી શકે છે. આમ, થશે તો કેરળમાં આ વર્ષ ચોમાસું વહેલુ જ બેસી જશે. ગુંરૂવારે મા ચોમાસુ માલદીવ, કોમરીનના વિસ્તારો સુધી પહોંચી ચુક્યુ હતુ. બંગાળના અખાતના અનેક વિસ્તારને પણ તેણે આવરી લીધા હતા.

કેરળના અનેક વિસ્તારોમાં ચોમાસા માટે અનુકૂળ વાતારણ બની ચુક્યુ છે. આ સપ્તાહની શરૂઆતથી જ કેટલાંક વિસ્તારોમાં સાધારણ વરસાદ નોંધાયો હતો. એર્નાકુલમ, અલાપુઝાપ, કો ટ્ટાયમ, ઈદુકી, પથાનામથિટા અને થિરૂવનંથપુરમ સહિત કેરળના વિવિધ વિસ્તારમાં વિતેલા ૨૪ કલાકમાં ૧૧૫ મી.મી. સુધી વરસાદ નોંધાયો હતો. ૧૦મી મે પછીના દિવસોમાં સતત બે દિ વસ સુધી ૧૪ જેટલા હવામાન કેન્દ્ર ખાતે ૨.૫ મી.મી. થી વધુ વરસાદ નોંધાતા હવામાન વિભાગે કેરળમાં હવે ચોમાસુ બેસી જશે એવી આગાહી કરી છે. હવામાન વિભાગ ૩૧મી મે ના રોજ આવનારી ચોમાસાની મોસમ માટે બીજા તબકકાની લાંબાગાળાની આગાહીઓ બહાર પાડશે.

ટોલ પ્લાઝા પર ૧૦ સેકન્ડથી વધુ રાહ જોવી નહીં પડે :૧૦૦ મીટરથી વધુ લાઈન હશે તો ટેક્સ ફ્રી

નવી દિલ્હી,

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર હવે વાહનોએ ૧૦ સેકન્ડથી વધુ રાહ જોવી નહી પડે. તે માટે ઓથોરિટીએ દિશા-નિર્દેશ જારી કરી દીધા છે. નેશનલ હાઈવેના આ નિર્દેશો બાદ ટોલ પ્લાઝા પર લાંબા સમય સુધી રાહ જોવામાંથી છુટકારો મળી શકે છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે પિક અવર્સમાં પણ ટોલ પ્લાઝા પર વાહનોને ૧૦ સેકન્ડથી વધુ રાહ જોવી પડશે નહીં.

ટોલ પ્લાઝા પર ૧૦૦ મીટરથી વધુ લાંબી વાહનોની લાઈનો થશે તો વાહનોને ટોલ ટેક્સ આપ્યા વગર ટોલ પ્લાઝામાંથી મુક્ત થવાની મંજૂરી હશે.

એનઓએઆઈના નવા નિયમો પ્રમાણે દરેક ટોલ પ્લાઝા પર ૧૦૦ મીટરનું અંતર દર્શાવવા માટે એક પીળી લાઈન કરવામાં આવશે. આવું દેશના દરેક ટોલ પ્લાઝા પર કરવામાં આવશે. એનએચએઆઈએ કહ્યું કે આ ટોલ પ્લાઝા ઓપરેટરોની જવાબદારી નક્કી કરવા માટે કરવામાં આવી રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી ફાસ્ટેગ અનિવાર્ય કરાઈ ગયા બાદ મોટા ભાગના ટોલ પ્લાઝા પર વેઈટિંગ હોતું નથી.

ફેબ્રુઆરી-૨૦૨૧થી કેશલેસ ટોલિંગનો સફળતાપૂર્વક અમલ થઈ રહ્યો છે. એનએચઆઈએના જણાવ્યા અનુસાર તો ટોલનાકા પર ફાસ્ટેગની ઉપલબ્ધતા કુલ મળીને ૯૬ ટકા અને કેટલીક જગ્યાએ ૯૯ ટકા સુધી થઈ ચૂકી છે. દેશમાં વધતા ઈલેક્ટ્રોનિક ટોલ સંગ્રહ (ઈટીસી) ને ધ્યાનમાં રાખતા , એક કુશળ ટોળ સંગ્રહ સિસ્ટમ માટે આગામી ૧૦ વર્ષમાં કામ કરવામાં આવશે.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

બ્લેક ફંગસ નામની કોઈ વસ્તુ જ નથી : SGPGના ડાયરેક્ટર ધીમાનનું નિવેદન

લખનૌ,

દેશમાં હાલ કોરોના વાઈરસ બાદ જેની સૌથી વધુ ચર્ચા છે તે છે બ્લેક ફંગસ. અલગ અલગ રાજ્યોમાં બ્લેક ફંગસના કેસ સતત વધી રહ્યાં છે. ગુજરાતની વાત કરીએ આખા દેશમાં ગુજરાતમાં તેના સૌથી વધુ કેસ જોવા મળ્યા છે. ગુજરાત, યુપી, ઉત્તરાખંડ, સહિત અનેક રાજ્યોમાં તેને મહામારી જાહેર કરાઈ છે. હવે તો વ્હાઈટ અને યલો ફંગસના કેસ પણ સામે આવી રહ્યાં છે.

આ બધા વચ્ચે લખનૌ સ્થિત એસજીપીજીઆઈ (સંજય ગાંધી સાયન્સ)ના ડાયરેક્ટર ડોક્ટર રાધા કૃષ્ણ ધીમાને મોટું નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે બ્લેક ફંગસ જેવી કોઈ પણ બીજ હોતી નથી. ફંગસ ફક્ત એક કલરની હોય છે અને તે છે વ્હાઈટ.

બ્લેક ફંગસ બીમારીએ ચારે બાજુ હાહાકાર મચાવી રાખ્યો છે. રોજ તેનાથી અનેક લોકો જીવ ગુમાવી રહ્યાં છે. આવામાં તમને જ્યારે એવી ખબર પડે કે બ્લેક ફંગસ જેવી કોઈ બિમારી હોતી જ નથી તો તમે પણ આશ્ચર્યચકિત થઈ જશો. જી હા.. બિલકુલ સાચી વાત છે. પીજીઆઈના ડાયરેક્ટર આર.કે. ધીમાનીનું કહેવું છે કે ફંગસનો ફક્ત સફેદ રંગ હોય છે. તેના કારણે નસોમાં બ્લોકેજ થઈ જાય છે. જેથી તેની આગળનો ભાગ કાળો પડવા લાગે છે. આ કારણસર તેને બ્લેક ફંગસ નામ આપવામાં આવી રહ્યું છે.

ડોક્ટર ધીમાને અક અંગે અનેક હકીકતો જણાવી હતી. તેમણે કહ્યું કે ફંગસ વ્હાઈટ રંગની જ હોય છે. આવામાં તેને અલગ અલગ કલરથી નામ આપવા બિલકુલ ખોટું છે.

હવે આ સ્થિતિમાં એવા સવાલ પણ ઉઠે છે કે દેશના જાણીતા ડોક્ટર પણ બ્લેક ફંગસ હોવાની વાત કરી રહ્યાં છે. એટલે સુધી કે આ જ નામથી મોટી મોટી હોસ્પિટલોમાં સારવાર પણ ચાલુ છે.

કોવિડની માર્ગરેખા જુન અંત સુધીમાં અમલી :ગૃહમંત્રાલય

(એજન્સી) નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ગુરૂવારે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુચના આપી છે કે તેઓ હાલમાં ચાલી રહેલી કોરોના અંગેની માર્ગરેખાને ૩૦ મી જૂન સુધી ચાલુ રાખે. તેમણે માંગણી કરી છે કે જ્યાં કોરોનાની બિમારી વધુ હોય એ જીલ્લામાં વ્યાપક અને સ્થાનિક અટકાયતના પગલાં લેવાના રહેશે.

> સક્રિય કેસોની સંખ્યામાં સમગ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઘટાડો નોંધાયો છે.

એક નવા આદેશમાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ કહ્યુ હતુ કે કન્ટેઈન્ટમેન્ટના આકરા અમલીકરણ તેમજ અન્ય પગલાને કારણે નવા અને સક્રિય કેસોની સંખ્યામાં સમગ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઘટાડો નોંધાયો છે. ઘટાડાનો ટ્રેન્ડ હોવા છતાં સક્રિય કેસોની સંખ્યા હજુ પણ વધુ છે. આથી એ મહત્ત્વનું છે કે કન્ટેઈન્મેન્ટના પગલાનું આકરૂ પાલન થવુ જોઈએ. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કોઈ છૂટછાટને યોગ્ય સમયે તાબાક્કાવાર ધ્યાનમાં લેવાશે. જો કે એ પહેલાં સ્થાનિક સ્થિતિ, જરૂરીયાતો અને સંસાધનોની સમીક્ષા કરાશે એમ જણાવતા સચિવ ભલ્લાએ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને જારી કરવામાં આવેલા આદેશમાં જણાવાયુ છે. તેમણે ઉમેર્યુ છે કે મે મહિના માટે ૨૯ એપ્રિલે જારી કરવામાં આવેલી માર્ગરેખાઓ ૩૦મી જૂન સુધી ચાલુ રહેશે.

એચડીએફસી બેંક કોવિડ-૧૯માં રાહત પૂરી પાડવા માટે તબીબી આંતરમાળખું સ્થાપશે

મુંબઈ,

એચડીએફસી બેંકે તેની પરિવર્તન પહેલ હેઠળ આજે કોવિડ-૧૯ રોગચાળા સામે લડત આપવામાં મદદરૂપ થવા સમગ્ર દેશમાં તબીબી આંતરમાળખું સ્થાપવા અને તેને ઉન્નત બનાવવા અનેકવિધ ઉપાયોની જાહેરાત કરી હતી. આ ઉપાયોમાં સમગ્ર ભારતની હોસ્પિટલોમાં તબીબી પુરવઠો પૂરો પાડવાની સાથે-સાથે ઑક્સિજનના પ્લાન્ટ, તબીબી ઉપકરણો અને આઈસીયુની સુવિધા જેવું સ્થાયી તબીબી આંતરમાળખું સ્થાપવાનો સમાવેશ થાય છે.

બેંકે કોવિડ-૧૯ની રાહત પહેલ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં પરિવર્તન હેઠળ રૂ. ૧૦૦ કરોડની પ્રારંભિક રકમ પૂરી પાડવાની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં બેંકે પરિવર્તનના ભાગરૂપે કોવિડ-૧૯ના રાહતકાર્યો માટે રૂ. ૧૨૦ કરોડનું યોગદાન આપ્યું હતું.

આથી વિશેષ, બેંક આ રોગચાળાથી પ્રભાવિત થયેલા વિદ્યાર્થીઓને ઈઝજીજી (એજ્યુકેશન કાઈસિસ સ્કોલરશિપ સ્કીમ) હેઠળ સ્કોલરશિપ પૂરી પાડવાનું અને ગામડાંઓમાં ૧.૫ લાખ જેટલા લોકોને માસિક રેશન પૂરું પાડવાની પણ યોજના બનાવી રહી છે.

એચડીએફસી બેંકના સીએસઆર, બિઝનેસ ફાઈનાન્સ એન્ડ સ્ટ્રેટેજી, એડમિનિસ્ટ્રેશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ગ્રૂપ હેડ સુશ્રી આશિમા ભટ્ટે જણાવ્યું હતું કે, 'એચડીએફસી બેંકનું માનવું છે કે, આ રોગચાળા સામે લડત આપવા માટે સમાજ અને સંગઠનોએ એકસાથે આગળ આવવાની જરૂર છે. અમારા પ્રયાસો સમાજ પ્રત્યેની અમારી કટિબદ્ધતાને પૂરી કરવાની દિશામાં ઉઠાવવામાં આવેલું એક નાનકડું ડગલું છે. અમે પરિવર્તન હેઠળ લાંબાગાળાનું સ્થાયી આંતરમાળખું રચવામાં માનીએ છીએ અને કોવિડ-૧૯ સામેની લડતમાં મદદરૂપ થવા માટે રેખાંકિત કરવામાં આવેલ પહેલ અમારા આ સ્વભાવમાંથી ઉદ્ભવેલ છે.

BOARD MEETING
JAYATMA ENTERPRISES LIMITED
The Board Meeting will be held on Monday, 07.06.2021 at 1, Laxminagar Co. Op. Soc. Ltd., Naranpura, Ahmedabad-380013 in which the Board of Directors will consider and approve Audited Standalone Financial Results for the quarter and year ended on 31.03.2021.

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
વિવિધ એન્જિનિયરીંગ કાર્યો
ઈ-ટેન્ડર નં. 24/2021-22 થી 27/2021-22

ક્રમ નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	ટેન્ડર મૂલ્ય (₹)
01	25/2021-22	આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનીયર – ભાવનગર સબ ડિવિઝન : ચક્રવાતના કારણે ક્ષતિગ્રસ્ત ઓફિસર બંગલો અને સ્ટાફ ક્વાર્ટર્સનું સમારકામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 29-05-2021 **અને બંધ થવાની તારીખ:** 12-06-2021.	18,46,663.76
02	26/2021-22	આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનીયર – ધોળા સબ ડિવિઝન : "તૌક્તે" ચક્રવાતના કારણે ધોળા થી પીપાવાવ સ્ટેશન વચ્ચે ક્વાર્ટર્સ, સર્વિસ બિલ્ડીંગ માટે તાત્કાલિક સમારકામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 29-05-2021 **અને બંધ થવાની તારીખ:** 12-06-2021.	75,61,055.63
03	27/2021-22	આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જીનીયર – જુનાગઢ સબ ડિવિઝન : "તૌક્તે" ચક્રવાતના કારણે ક્ષતિગ્રસ્ત સ્ટેશનોના રૂફ, પ્લેટફોર્મ શેડ, બિલ્ડીંગ્સનું સમારકામ અને પુનર્વસન. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 29-05-2021 **અને બંધ થવાની તારીખ:** 12-06-2021.	99,99,729.72

તા.28-05-2021 ના રોજ NIT રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે. BVP-015
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
વિવિધ એન્જિનિયરીંગ કાર્યો
ઈ-ટેન્ડર નોટીસ નં. 03, **વર્ષ** 2021-22. **તા.** 25.05.2021

ક્રમ નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	અંદાજીત NIT રકમ (₹)
01	ડીઆરએમ-એડીઆઈ-30-2021-22	અમદાવાદ (BG) – વોટરીંગ મેનેજમેન્ટ માટે વાલ્વ્સ નું ફિક્સીંગ અને અમદાવાદ વિસ્તારના વિવિધ સ્થળ ખાતે વોટર મીટરનું ફિક્સીંગ અને જોગવાઈ.	53,49,497.54
02	ડીઆરએમ-એડીઆઈ-31-2021-22	સાબરમતી SBIB, સાબરમતી SBT ચાંદલોડિયા – ખોડિયાર – ગાંધીનગર – સ્ટેશન અને રેલવે સ્ટાફ કોલોની માટે અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેનહોલ્સનું રિપેરીંગ અને સફાઈ. (બે વર્ષ માટે)	19,56,531.93
03	ડીઆરએમ-એડીઆઈ-32-2021-22	ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્ટેશનો બાજુના માર્ગ ખાતે 05 નંગ RCC ઓવર હેડ ટાંકી (50,000 લીટર ક્ષમતા)નું બાંધકામ.	85,93,331.40
04	ડીઆરએમ-એડીઆઈ-33-2021-22	ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્ટેશનો બાજુના માર્ગ ખાતે RCC અન્ડરગ્રાઉન્ડ સમ્પ, પાઈપ લાઈન નેટવર્ક, અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ અને બોર વેલની જોગવાઈ અને અન્ય પરચુરણ કાર્ય.	2,92,13,535.94
05	ડીઆરએમ-એડીઆઈ-34-2021-22	ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ડબલીંગ કાર્યના સંબંધમાં સાદલા-જાટપીપલી સેક્શનમાં બેલેન્સ ટ્રેક પ્રોટેક્શન કાર્ય.	4,72,99,388.25
06	ડીઆરએમ-એડીઆઈ-35-2021-22	ડિવિઝનલ એન્જીનીયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ડબલીંગ કાર્યના સંબંધમાં સાદલા-જાટપીપલી સેક્શનમાં બેલેન્સ ટ્રેક કાર્ય.	29,27,016.23

ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તા.29-06-2021 ના 15:00 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનીયર ડિવિઝનલ એન્જીનીયર (કો-ઓર્ડિનેશન)-અમદાવાદ, DRM ઓફીસ, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in ADI-019
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

PUBLIC NOTICE - ENVIRONMENTAL CLEARANCE
State Level Environment Impact Assessment Authority, Gujarat has accorded Environmental Clearance for the Building Construction Project "Alembic City - West (Phase I)" at City Survey No. 5261 and 2558, R.S. No. 1093, 1099, 1101, 1102, 1103, 1109, 1118, 1119, 1120, 1121, 1169, 1170 and 1171, Gorwa,Alembic Road, Vadodara proposed by M/s. Alembic Ltd. and Shreno Ltd. vide' letter No. SEIAA/GUJ/EC/8(a)/1680/2021 dated 19.05.2021 under the provision of EIA Notification, 14th September, 2006.
Copy of the Clearance Letter is available with the Gujarat Pollution Control Board,, and may also be seen at websites of the SEIAA, Gujarat at www.seiaa.gujarat.gov.in
(Authorized Signatory)
M/s. Alembic Limited
Date : 28.05.2021

ફોર્મ નં. યુઆરસી -૨
અધિનિયમના અધ્યાય XXI ના ભાગ I હેઠળ નોંધણી અંગેની જાહેરનામું
[કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૪(૧) ૩૭૪ (બી) ને અનુલક્ષીને અને કંપનીઓ (નોંધણી માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪ (૧)]
૧. નોટિસ એ છે કે કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૩૬૬ની પેટા કલમ (૨)ના અનુસંધાનમાં, પંદર દિવસ પછી અરજી કરવાની દરખાસ્ત છે. પરંતુ પંદર દિવસની સમાપ્તિ પહેલા તે પછી સેન્ટ્રલમાં રજિસ્ટ્રાર રજિસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ કોર્પોરેટ બાબતે (આઈઆઈસીએ) પ્લોટ નંબર ૬,૭,૮, સેક્ટર ૫, આઈએમટી માનેસર, જીલ્લા ગુડગાંવ (હરિયાણા), પિનકોડ - ૧૨૨૦૫૦, મેસર્સ સ્ટ્રઉસ્ટ ટેકનોલોજી એલએલપી નામની કંપની એક્ટ, ૨૦૧૩,ના પ્રકરણ XXIના ભાગ ૧ હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરી શકે છે.
૨. કંપનીના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: - બાયો-માસ, હાઈડ્રો, થર્મલ, ગેસ, એર, ડીઝલ ઓઈલ અથવા નવીનીકરણીય ઉર્જા સ્રોતો દ્વારા, પવન દ્વારા પરંપરાગત / બિન-પરંપરાગત કટ્ટિર્જામાંથી ઈલેક્ટ્રિક પાવર અથવા કોઈપણ અન્ય ઉર્જા ઉત્પન્ન, સંચય, પ્રસારિત, વહેંચણી, ખરીદી અને વેચાણ અને સપ્લાય કરવા માટે. મિલ અથવા અન્ય સાધન / સ્રોત વ્યવસાયિક ધોરણે અને બિલ્ડિંગ્સ, સ્ટ્રક્ચર, કામો, મશીનરીઓ, સાધનોની કેબલ, વાયર, લાઈનો, સંચયકર્તા, લેમ્પ્સ સેન્ડ વર્કસ અને ટેંહડરટેક સહિત વીજળી/ ઉર્જા ઉત્પન્ન કરનાર સ્ટેશન બાંધવા, નાખવા, સ્થાપિત કરવા, ચલાવવા અને જાળવવા માટે. અથવા પરંપરાગત અથવા બિન-પરંપરાગત ઉર્જા સ્રોત, થર્મલ પાવર પ્લાન્ટ્સ, અણુ વીજ પ્લાન્ટ્સ, સોલર એનર્જી પ્લાન્ટ્સ, પવન ઉર્જા પર આધારિત પાવર પ્લાન્ટ્સ અને પ્લાન્ટ્સનું સંચાલન, માલિકી, નિયંત્રણ, ,ભુ કરવા, ચલાવવા, ભાડાપટ્ટે અથવા સ્થાનાંતરિત કરવાના વ્યવસાયને ચાલુ રાખવા માટે. પ્લાન્ટ્સ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, હાઈડલ, સિવિલિનીરિંગ વર્ક્સ, બોઈલર ગૃહો, સ્ટીમ ટર્બાઈન્સ, સ્વિચ યાર્ડ્સ, ટ્રાન્સફોર્મર યાર્ડ્સ, સબસ્ટેશન્સ, ટ્રાન્સમિશન લાઈન્સ, એક્ચુમ્યુલેટર, ભારતમાં વર્કશોપ્સ અને ભારતની બહાર.''
૪. ડ્રાફ્ટ મેમોરેન્ડમની એક નકલ અને સૂચિત કંપનીના એસોસિએશનના લોની ઓફીસ ૬, પોપ્યુલર પાર્ક, એનઆર પર નિરીક્ષણ કરી શકાય છે. ભાગવતી ફિરોકાસ્ટ પ્રા.લિ.ટી., ઓધવ, અમદાવાદ, ગુજરત-૩૮૨૪૧૦ ભારત.
૫. અહીં એવી સૂચના આપવામાં આવી છે કે આ અરજી સામે વાંધો લેનાર કોઈપણ વ્યક્તિ કેન્દ્રીય નોંધણી કેન્દ્ર (સીઆરસી), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈઆઈસીએ) ના પ્લોટ નંબર.૭, સેક્ટર,, આઈએમટીમાં રજિસ્ટ્રારને લેખિતમાં તેમના વાંધાનો સંપર્ક કરી શકે છે. માનેસર, જીલ્લા ગુડગાંવ (હરિયાણા), પિન કોડ -૧૨૨૦૫૦, આ સૂચના પ્રકાશિત થયાના વીસ દિવસની અંદર, તેની નોંધણી કચેરીમાં કંપનીને એક નકલ સાથે.
આ તારીખ ૨૯મી મે ૨૦૨૧ ના દિવસે
અરજદારનું નામ
સહી/-
૧ ચીન્મય મહંનતા
૨ શરદ પારેખ

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
ભોગી માટે વિવિધ કાર્યો
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા દ્વારા નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. બીવીપીડબલ્યુ-2020-21-બી.શોટ-07 (1) કામનું નામ:** શોટ/ગ્રીટ બ્લાસ્ટીંગ દ્વારા બોગી ફ્રેમ અને તેના ભાગોની સફાઈ અને સાફ કરેલ બોગીના ભાગોનું પેઈન્ટીંગ. (2) **કામની અંદાજિત કિંમત:** ₹ 58,55,914.02/- (4) **બીડ જમા કરાવવાની અને બીડ ખુલવાની તારીખ:** તા.21-06-2021 ના 15:00 કલાક સુધી જમા કરાવી શકાશે અને તા.21-06-2021 ના 15:30 કલાક પછી ટેન્ડર ખોલાશે. (5) **વેબસાઈટ વિગત અને ઓફીસનું સરનામું:** સીડબલ્યુએમ-બીવીપી ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ ભાવનગર પરા-364003 વેબસાઈટ: www.ireps.gov.in BVP-013
અમને લાઇક કરો: facebook.com/WesternRly

ROLCON ENGINEERING COMPANY LIMITED
CIN : L29259GJ1961PLC001439
Reg. Office Address: Annad Sojitra Road, Vallabh Vidyanagar - 388120, Gujarat-India.
PHONE : (02692) 230766/230866 **FAX:(02692)** 236480/236453
WEBSITE: www.rolconengineering.com, **E-MAIL :** rolcon@rolconengineering.com
EXTRACT OF THE CONSOLIDATED AUDITED FINANCIAL RESULTS FOR THE QARTER & YEAR ENDED MARCH 31, 2021
(Amt In Lakh)

Sr. No	PARTICULARS	Quarter ended 31/03/2021 Audited	Quarter ended 31/12/2020 Unaudited	Quarter ended 31/03/2020 Audited	Year Ended 31/03/2021 Audited	Year Ended 31/03/2020 Audited
1	Total Income from Operations	694.41	730.42	844.61	2612.11	3686.79
2	Net Profit / (Loss) from Ordinary Activity Before Tax (Before extra Ordinary Items)	9.47	19.53	(10.98)	92.34	84.03
3	Net Profit / (Loss) for the Period before Tax (After extra Ordinary Items)	9.47	19.53	(10.98)	92.34	84.03
4	Net Profit / (Loss) for the Period after Tax (After extra Ordinary Items)	(5.49)	13.46	(24.48)	55.85	49.30
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	8.83	13.46	(24.48)	70.17	49.30
6	Equity Share Capital	75.60	75.60	75.60	75.60	75.60
7	Reserves (Excluding Revaluation Reserves) as shown in Audited balance sheet.	-	-	-	1086.56	1027.73
8	Earnings Per Share (before extraordinary items) (of Rs. 10/- each) Basic : Diluted:	1.17 1.17	1.78 1.78	(3.24) (3.24)	9.28 9.28	6.52 6.52
9	Earnings Per Share (after extraordinary items) (of Rs. 10/- each) Basic : Diluted:	1.17 1.17	1.78 1.78	(3.24) (3.24)	9.28 9.28	6.52 6.52

In respect to Standalone Result of the Company, the amounts are as follows:

PARTICULARS	31/03/2021 Audited	31/12/2020 Unaudited	31/03/2020 Audited	31/03/2021 Audited	31/03/2020 Audited
Turnover	688.35	709.78	833.19	2556.14	3627.50
Profit Before tax	10.98	19.53	(10.98)	93.85	84.03
Profit after tax	(3.98)	13.46	(24.48)	57.36	49.30

NOTE :
1 The above is an extract of the detailed format of audited Financial Results for the quarter and year ended on March 31, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the above Financial Results are available on the Stock Exchange websites, www.bseindia.com and company's website www.rolconengineering.com.
2 The Above Finacial Result were reviewed and recommended by Audit Committee and approved by the Board of Directors at their meeting held on May 28, 2021.
3 Consolidated statement include Shares in Associates: Sudeep Rub- Chem Private Limited
4 The Board of Directors has recommended a Dividend @ 15% i.e. Rs. 1.50 per Equity Share of Rs. 10/- each for the Financial year 2020-21.
5 Figures of the Previuos Quarter /year have been regrouped / recasted whereever necessary.
Place : Vallabh Vidyanagar
Date : May 28, 2021
For **Rolcon Engineering Company Limited**
Ashsih S. Amin (Managing Director)
DIN: 01130354

BRIDGE SECURITIES LTD.
Regd. Office : 17, Suhasnagar Society, Nr. Dinesh Hall, Ashram Road, Ahmedabad - 380 009
(CIN: L67120GJ1994PLC023772, Web: www.bridgesec.co.in)
E-mail : bridgesecurities@yahoo.co.in, **Phone: 079-26578808**
EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31.03.2021 **(Rs.in Lakhs)**

Sr. no	Particulars	For the quarter ended 31 March 2021 Audited	31 December 2020 Unaudited	31 March 2020 Audited	For the year ended 31 March 2021 Audited
1.	Total Income From Operations	93.08	67.50	52.89	213.25
2.	Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	30.74	75.42	(75.89)	124.43
3.	Net Profit/(loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	30.74	75.42	(75.89)	124.43
4.	Net Profit/(loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	30.74	75.42	(75.89)	124.43
5.	Total Comprehensive Income for the period (Comprising Profit /(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (after tax)	32.67	75.42	(76.31)	126.36
6.	Paid up Equity Share Capital	33.613	33.613	33.613	33.613
7.	Earnings Per share (of Rs 10/- each) (for continuing and discontinuing operations)- 1. Basic: 2. Diluted:	0.91 0.91	2.24 2.24	(2.26) (2.26)	3.70 3.70

Note: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
The full format of the Quarterly Financial Results is available on the BSE website (www.bseindia.com) & Company's website (www.bridgesec.co.in)
For BRIDGE SECURITIES LIMITED
sd/-
Pragnesh R. Shah
Chairman & Managing Director
(DIN: 00144888)
Place : **Ahmedabad**
Date : **28.05.2021**

VINYOFLEX LIMITED
Regd. Office : 307, Silver Chamber, Tagore Road, RAJKOT - 360 002. Ph. 0281-2468328
CIN : L25200GJ1993PLC019830 • Web : www.vinyoflex.com • E-mail : info@vinyoflex.com
STATEMENT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31st MARCH, 2021 (Rs. in Lakhs)

SR NO.	Particulars	Three Months Ended 31/03/2021 (Audited)	Preceding Three Months Ended 31/12/2020 (Unaudited)	Corresponding Three Months Ended 31/03/2020 (Audited)	Current Year Ended 31/03/2021 (Audited)	Previous Year Ended 31/03/2020 (Audited)